
ॐ



श्रीमहाशिवदर्शन

યોજક તથા પ્રકાશક.

एक शोधक.

અમદાવાદ.

શ્રી "સત્યવિજય" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ

હરીલાલે છાપ્યું—પાંચકુવા નવાદરવાજા

સંવત ૧૯૬૬ — ઈ૦ ૧૯૧૦

ॐ

तत्सद्ब्रह्मणे नमः

श्रीमहाशिवदर्शन.

આર્યાવર્ત્તમાં પ્રાચીન સમયથી જે વિચારસંગતિ ચાલતી આવે છે તે ઉપર દેશનાં હવાપાણી સૃષ્ટિલીલા અને સુખસાધ્યતા એ બધાંની અસરો થયેલી છે અને પ્રત્યેક દેશમાં એજ કારણોથી વિચાર સંગતિનાં નાનાં પ્રકારનાં રૂપ ઘડાય છે આ પ્રમાણે વિચારસંગતિ ચાલતાં જીવિતનું **પરમફળ**—પરમસુખ, મોક્ષ—જે ઠરે તેને અનુસારે તે તે દેશનાં આચાર વિચાર વ્યવહાર બધું ઘડાય છે. એમ વિચારસંગતિજ સર્વ દેશમાં પ્રાધાન્યપદે રાજે છે. છતાં એ વિચાર સંગતિના આંતર રહેલા અલૌકિક મધ્ય ભાગને તો **ભારતવાસી પ્રાચીન મુનિઓજ** ભેદી શક્યા છે એમ નિર્ભયપણે કહેવામાં કશી પણ અન્યોક્તિ નથીજ નથી. તેથી ત્યાં સુધી જે વિચારકો પહોંચી શક્યા નથી તેમને **સનાતનધર્મ**ની કેટલીએક ક્રિયાઓ વહેમરૂપ અગર સ્વાર્થપરાયણ બ્રાહ્મણોના પેટ ભરવાના ધંધારૂપે ભાસી આવતાં પોતાના પાયા વિનાના અપૂર્ણ વિચારને આધારે શ્રદ્ધા ધારી આગળ વધતા

આર્યને સંશયમાં નાખી અટકાવવા સરખું કરે છે. પરંતુ **મહામુનિયોની** વીર્યવતી બુદ્ધિની પ્રખર પ્રભાને જે જનો જાણે છે અને શ્રી પરમાત્મઅનુગ્રહથી જેના અંતઃકરણમાં એ પ્રભાની ઝાંખી છાયા પણ પડી છે તે એ પોલ પાસે ક્ષણવાર પણ અટકતા નથી છતાં કોઈ **સુજ્ઞ** ક્ષણભર વિચાર કરવાને અટક્યો હોય તેને ચેતાવવા-**પણ ખરી રીતે તો કેવળ પોતાના નિશ્ચયનો અભ્યાસ પરિપક્વ કરવા** ખાતરજ **શ્રીશિવરાત્રિના** ઉત્તમ ઉત્સવના પુણ્યપ્રદ દિવસે **શ્રીમહાશિવદર્શન** એ નામનો લઘુલેખ આત્મબંધુઓ આગળ ધરવા આ પ્રવૃત્તિ સેવી છે. તો વિદ્વદ્વરો અંતિમ પ્રાર્થનાપર લક્ષ કરશે.

શ્રીમહાશિવરાત્રિના ઉત્સવને દિવસે ધર્મરત લોકો રાત્રિના સમયે શિવાલયમાં પ્રવેશી શિવપૂજન કરતાં જાગ્રણ કરે છે. અને તેનું નામ **શ્રીમહાશિવરાત્રિનું જાગ્રણ** એવું આપે છે. તેનું પ્રાચીન રહસ્ય કાળબળને લઈ ગુપ્તરૂપે એ ક્રિયામાંજ રહેલું છે છતાં સ્થૂલ દષ્ટિના વિચારકોને તે સમજાતું નથી તોપણ શ્રદ્ધાધારી પુરૂષો કેવળ બાહ્ય ક્રિયાનેજ કરે છે. જો કે શાકરને ન જાણનાર પુરૂષ ગ્રહણ કરશે અને પછી તેને મુખમાં ધરશે તોપણ શર્કરા કાંઈ પોતાનું ગળપણ પરિત્યજવાની નથી છતાં એ સ્વાદને લેનાર વ્યક્તિ એને પ્રથમથીજ પીછાનતી ન હોવાથી વખતે લીધેલી શાકરમાંથી કંઈ ભાગ પડી જાય તો વિશેષ કાળજી કરતી નથી અને પ્રથમથીજ સ્વાદ જાણવામાં હોય છે તો તેનું સંપૂર્ણ રક્ષણ કરે છે, અને તેની મહત્તા પણ પ્રથમથીજ જાણે છે. તેમ પૂજનમાં (**શ્રીમહાશિવરાત્રિના જાગ્રણમાં**) પણ બે પ્રકાર છે. એક **બાહ્ય** ને બીજો **આંતર**. બાહ્ય પ્રકાર તો પ્રાયશઃ સર્વના જાણવામાંજ છે છતાં જેને વિશેષ જાણવા

ઇચ્છા હોય તેમણે પુરાણોમાં તથા વ્રતરાજ નામના ગ્રંથમાં જોઇ લેવું.

શાકરસમ આકારવાળા બાહ્ય પ્રકારનું સ્વરૂપ ટુંકામાંજ પતાવી શાકરમાં રહેલા ગળપણની પેઠે આંતર પ્રકારના સ્વરૂપને **શ્રી સદ્ગુરૂ** કૃપાથી પ્રાપ્ત થયેલી મતિ અનુસાર જણવવા પ્રયત્ન આરંભ્યો છે કે જેથી **શ્રીમહાશિવદર્શનના** સત્ય રહસ્યને સમજી તે પ્રમાણે ક્રિયા આરંભતાં તેની મહત્તાનું યથાર્થ ભાન રહેતાંને કોઇ પણ પ્રકારનું સ્ખલન ન થતાં પૂર્ણરૂપે થાય અને તેથી નિષ્કામી કર્ત્તા પોતાના અભેદાનંદને અનુભવે.

શ્રીમહા શિવરાત્રિનું જાગ્રણ એમાં પ્રથમ **શ્રીમહાશિવ** એ શબ્દ છે. તેમાં પણ **શિવ** અને **મહાશિવ** એમ દ્વિધારૂપ છે તેમાં **શિવ** એટલે માયાવિશિષ્ઠ **ઇશ્વર** ને **મહાશિવ** એટલે **શુદ્ધ ચૈતન્ય** (બ્રહ્મ) અને **રાત્રિ** એટલે **અજ્ઞાન** તેમાંથી જાગૃત થવું. એટલે અજ્ઞાન દૂર કરી **શિવદર્શન** નામ પરમાનંદની પ્રાપ્તિ કરવી એજ રહસ્ય સૂચવવાના હેતુરૂપે **શ્રી મહા શિવરાત્રિનું જાગ્રણ** છે. અને તેનેજ **મહાશિવદર્શન** અથવા **બ્રહ્મજ્ઞાન** કહે છે.

આત્મતત્ત્વ જાણવું એજ મુખ્ય તાત્પર્ય સમજાયા પછી એમ વિચાર ઉદ્ભવે છે કે તે તત્ત્વ મન અને ઇંદ્રિયવડે જાણી શકાય છે કે આત્માવડે ? ? ત્યાં પ્રથમ એમ ધારીએ કે આત્મતત્ત્વ મન ઇંદ્રિયવડે જાણી શકાય છે એમ કહેતાંજ પ્રથમ તો **શ્રુતિથીજ** વિરૂદ્ધ જવાય છે કારણ કે કેનોપનિષદના પ્રથમ ખંડના ત્રીજા મંત્રમાં કહે છે કે–

न तत्र चक्षु र्गच्छाति नवागच्छातिनो मनः

પ્રતિ પદાર્થ–**तत्र**=તે બ્રહ્મમાં **चक्षुः**=નેત્ર **नगच्छाति**=પહોંચી

શકતાં નથી. **वाक्**=વાણી **नगच्छति**=પહોંચી શકતી નથી **मनः**=મન **नोगच्छति**=પહોંચી શકતું નથી અર્થાત્ વિષય કરી શકતાં નથી તેમજ તૈત્તરિય ઉપનિષદની આનંદવલ્લીના બીજા અધ્યાયના પ્રથમ મંત્રમાં કથે છે કે—

यतोवाचो निवर्तन्ते अप्राप्य मनसासह

પ્રતિ૦ **यतः**=જે બ્રહ્મથી **वाचः**=વાણી **मनसासह**=મનસહિત **अप्राप्य**=પ્રાપ્ત ન થતાં અર્થાત્ નહિ જાણીને **निवर्तन्ते**=નિવૃત્ત થાય છે. ઇત્યાદિ અનેક **શ્રુતિઓ** બ્રહ્મને મનવાણીનો અવિષય પ્રતિપાદન કરે છે.

યદ્યપિ બૃહદારણ્યકોપનિષદના છઠ્ઠા અધ્યાયના ચોથા બ્રાહ્મણના ઓગણીશમાં મંત્રમાં કહે છે કે—

मनसैवानुं द्रष्टव्यंः

પ્રતિ૦ **मनसैव**=મનવડે કરીનેજ **अनुद्रष्टव्यं**=સારી રીતે જાણી શકાય છે તેમજ કઠ ઉપનિષદના પ્રથમાધ્યાયની ત્રીજી વલ્લીના બારમા મંત્રમાં પણ એજ ભાવ છે કે—

दृश्यते त्वग्र्यया बुध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः

પ્રતિ૦ **सूक्ष्मदर्शिभिः**=બારીકાઇથી જોનારાવડે **अग्र्यया**=એકાગ્રતાવાળી **सूक्ष्मया**=સૂક્ષ્મ **बुध्या**=બુદ્ધિવડે **दृश्यतेतु**=દેખાય છે. ઇત્યાદિ **શ્રુતિઓ** મનનેજ જ્ઞાનનું કારણ કહે છે તથાપિ મનને વૃત્તિ વ્યાપ્તિની અપેક્ષાથીજ કારણતા કહી છે. પરંતુ ફળવ્યાપ્તિની અપેક્ષાએ કરીને કારણતા કહી નથી. કેમકે વ્યાવહારિક જ્ઞાન અને પારમાર્થિક જ્ઞાનમાં ભેદ છે એટલે વ્યાવહારિક જ્ઞાનમાં વૃત્તિવ્યાપ્તિ અને ફળવ્યા-

મિ બંનેની અપેક્ષા છે. અને પારમાર્થિક જ્ઞાનમાં કેવળ વૃત્તિવ્યાપ્તિની જરૂર છે.

વેદાંત વિષય પ્રતિપાદનાર્થે વપરાતા પારિભાષિક શબ્દોનું સ્વરૂપ સમજ્યા વિના તેમાં રહેલી ગૂઢતા સમજાતી નથી અને તેમ થયા સિવાય રહસ્ય હાથ આવતું નથી તેથી વૃત્તિવ્યાપ્તિ અને ફળવ્યાપ્તિ એ પારિભાષિક શબ્દોને બરાબર સમજવા એક સ્થૂળ દૃષ્ટાંત છે કે કોઈ એક અંધારી કોટડીમાં એક લોખંડનો ગોળો અને બીજો મણી હોય પછી તેના ઉપર જૂદાં જૂદાં કુંડાં ઢાંકી દેવામાં આવે ત્યાર બાદ કોટડીનો માલીક બાહારથી હાથમાં દંડો લઇને અંદર પ્રવેશ કરે તો કોટડીમાં તેને અંધકાર ભાસે. તેથી પ્રકાશ થવા માટે લોખંડના ગોળાપર ઢાંકેલા કુંડાને એક દંડાનો પ્રહાર કરે. તો તેજ વખત કુંડારૂપ આવરણ ભંગ થઈ જાય છે. પરંતુ ગોળાનો પ્રકાશ થતો નથી ત્યાં તો દીપકની અપેક્ષાજ રહે છે અને દીપક હોય તોજ વ્યાવહારિક લોખંડ પદાર્થનું જ્ઞાન થાય છે.

હવે મણીઉપર ઢાંકેલા બીજા કુંડાને દંડાનો ઝપાટો લાગતાંજ તે મણીઉપરનું કુંડારૂપ આવરણ નાશ થાય છે અને તેનો નાશ થતાંજ મણી પોતે પ્રકાશવાળો હોવાથી દીપકની જરૂર રહેતી નથી, ઉપરનાં દૃષ્ટાંતમાં લોખંડના ગોળાના જ્ઞાનમાં દંડારૂપ વૃત્તિવ્યાપ્તિ અને દીપકરૂપ ફળવ્યાપ્તિ બંનેની જરૂર પડે છે. અને મણીના જ્ઞાનમાં કેવળ દંડારૂપ વૃત્તિવ્યાપ્તિની અપેક્ષા રહે છે. તેજ પ્રમાણે દૃશ્ય પદાર્થોના જ્ઞાનમાં વૃત્તિવ્યાપ્તિ ને ફળવ્યાપ્તિ બંને સાધક છે અને પારમાર્થિક જ્ઞાનમાં કેવળ વૃત્તિવ્યાપ્તિજ સાધક છે.

ઉપર પ્રમાણે શ્રુતિવડે સિદ્ધ કર્યું કે પારમાર્થિક જ્ઞાનમાં કેવળ

વૃત્તિવ્યાપ્તિનીજ અગત્ય છે છતાં ફળવ્યાપ્તિને પણ કારણ માને તો **યુક્તિથી** પણ વિરોધ આવે છે કેમકે જેમ ખદ્યોત (આગીઓ) સૂર્યને પ્રકાશ કરી શકતો નથી તેમ જડ મન પણ ચેતન આત્માને જાણી શકતું નથી છતાં જડ મન આત્માને જાણે એમ માનીએ તો **વદ્‌તો વ્યાઘાત**[1] દોષ આવે છે અને **વ્યાઘાત દોષની** નિવૃત્તિ કરવા આત્મજ્ઞાનનું કારણ આત્માનેજ માને તો **આત્માશ્રય**[2] દોષ અવશ્ય પ્રાપ્ત થાય છે. કદાપિ એમ માને કે આપણું જ્ઞાન આપણને થાય છે જેમ દર્પણમાં જોતાં પોતે પોતાને જોઇ શકીએ છીએ. પણ એ યુક્તિ યથાર્થ નથી. કારણ કે આરસીમાં પડેલા પ્રતિબિંબનું આપણને જ્ઞાન થાય છે. બિંબને બિંબનું જ્ઞાન કદિ થઇ શકતું નથી.

આત્માશ્રય દોષની નિવૃત્તિ કરવા માટે મન અને આત્માને પરસ્પર જ્ઞાનમાં કારણ માને તો [3]**અન્યોન્યાશ્રય** દોષ આવે છે અને **અન્યોન્યાશ્રય** દોષની નિવૃત્તિ કરવા માટે કોઇ ત્રીજું કારણ માને અને ત્રીજાનું પ્રથમ કારણ સ્વિકારે તો [4]**ચક્રિકા** દોષ પ્રાપ્ત થાય છે અને તેની નિવૃત્તિ કરવા માટે ત્રીજાનું કારણ પ્રથમ ન માનતાં ચોથું, પાંચમું, છઠ્ઠું, એમ માને તો [5]**અનવસ્થા** દોષ આવે છે

---

૧. મૂળ વાતથી વિરૂધ વાત સાબીત થાય તે વદતોવ્યાઘાત.

૨. પોતાની ઉત્પત્તિ તથા સ્થિતિ અને જ્ઞાનમાં પોતાની જરૂર તે આત્માશ્રય.

૩. બીજવૃક્ષની પેઠે ઉત્પત્તિ સ્થિતિ આદિમાં પરસ્પર કારણ તે અન્યોન્યાશ્રય.

૪. ચક્રની પેઠે ફરે તે ચક્રિકા.

૫. એક એકનાં કારણ બતાવતાં પાર ન આવે તે અનવસ્થા.

તેથી **યુક્તિથી** પણ વિરોધ સિદ્ધ થાય છે. તેમ આત્મસાક્ષાત્કાર પ્રતિ મનની કારણતા **અનુભવ**થી પણ વિરૂદ્ધ છે.

જો મન આત્માનું દર્શન કરે તો મન દષ્ટા થાય અને આત્મા દશ્ય થાય. જે દશ્ય છે તે દષ્ટાની અપેક્ષાએ **જડ, અસત્, અને દુઃખરૂપ** છે અને **शुक्तिरजतन्याये** મિથ્યા છે. ને આત્માને તો **બ્રહ્મનિષ્ઠ** પુરૂષો ચેતન અનુભવે છે તેમજ **શ્રુતિ** પણ કથે છે કે **तनमनोऽकुरुत** મન પરમાત્મામાંથી ઉત્પન્ન થાય છે. જે ઉત્પત્તિવાળું છે તે મિથ્યા છે, અને જે મિથ્યા છે તે સત્ય પદાર્થને કેવી રીતે વિષય કરશે ? અર્થાત્ નહિજ કરે માટે **શ્રુતિ, યુક્તિ,** અને **અનુભવ** એ ત્રણેથી વિરૂદ્ધ હોવાથી જ્ઞાનમાં મનની કારણતા અઘટીત છે.

મનને જ્ઞાન થતું નથી એ વાંચતાં જ વાંચકવૃંદને એમ થશે કે ત્યારે શું !! જ્ઞાન થતું જ નથી ?? તો આજ ઉલ્લેખમાં પ્રથમ વૃત્તિવ્યાપ્તિ અને ફળવ્યાપ્તિની સમજણમાં જ્ઞાન થઇ શકે એવો સામાન્ય ખુલાસો આવેલો છે તેનો જ વિસ્તાર યુક્તિપૂર્વક હવે કથન કરવામાં આવે છે.

જ્ઞાનના બે પ્રકાર છે. (૧) **સંવિતાત્મક જ્ઞાન** (૨) **વૃત્યાત્મક જ્ઞાન**

જેમ સામાન્ય અગ્નિ કાષ્ટ આદિ સર્વમાં સર્વત્ર વ્યાપક છે. છતાં તે તિમિર (અંધારૂં) કાષ્ટાદિકનો વિઘાતક નથી તેમ **સંવિતાત્મક** જ્ઞાન સર્વત્ર વ્યાપક છતાં તે અજ્ઞાનનો ધ્વંસ કરતું નથી પરંતુ તેજ કાષ્ટાદિકના ઘર્ષણથી પ્રજ્વલિત થએલો પાવક (અગ્નિ) તિમિર કાષ્ટાદિકનો નાશ કરી અને પોતે પણ નાશ પામી જાય છે અર્થાત્

સામાન્ય અગ્નિરૂપ બની જાય છે તેમ વિચારાદિ **સાધનદ્વારા** સાભાસ અંતઃકરણની સત્વગુણ પ્રધાન થયેલી વૃત્તિ જીવ બ્રહ્મની વચમાના આવરણનો ભંગ કરીને વૃત્તિ પોતે પણ નાશ પામી જાય છે. એમ **વૃત્યાત્મક જ્ઞાન** અજ્ઞાનનું સંહારક છે, એજ વાતને શ્રીમદ્ જગદ્ગુરૂ **શ્રી શંકરાચાર્ય સ્વામી** પણ પોતાના આત્મબોધ નામના નિબંધમાં કહે છે કે

अज्ञानं कलुषं जीवं ज्ञानाभ्यासाद्वि निर्मलम्
कृत्वाज्ञानं स्वयंनश्येज्जलं कतकरेणुवत्

ભાવાર્થ—કર્તૃત્વ ભોક્તૃત્વના અભિમાનરૂપ અજ્ઞાનથી મલીન થયેલો જીવ જ્ઞાનના અભ્યાસથી વિશુદ્ધ થાય છે અર્થાત્ વૃત્તિરૂપ જ્ઞાન પરિપક્વ થતાં અજ્ઞાનને નાશ કરી પોતે પણ સમી જાય છે. એજ રહસ્યને સમજાવવા ઉત્તરાર્ધમાં દ્દષ્ટાંત આપે છે કે જેમ માટીથી મલિન થયેલા પાણીને તેમાં નાંખેલો નીરમળી ફળનો ભૂકો નાખવાથી તે પોતે મેલને લઇ નીચે બેસી જાય છે તેમ અર્થાત્ આવરણ ભંગ થતાં બીજું કોઇ રહેતું જ નથી. કેવળ એક અદ્વિતીય આત્માજ અખંડ રહે છે ને તે જ્ઞાનસ્વરૂપ છે તેનું જ નામ **શ્રી મહાશિવ દર્શન** છે.

ઉક્ત વાતથી એજ સાર ઉધ્ધૃત થાય છે કે જીવાત્માનું પૃથકત્વ વિલાય સ્વ સ્વરૂપમાં પર્યવસાન—એજ શ્રી માહાશિવ દર્શન છે. **પૃથક્પણે પરમાત્માનું ભાન કોઇપણ રીતથી સંભવતું જ**

નથી તેજ કારણથી અન્ય શ્રુતિ પણ કહે છે કે.

अथात आदेशो नेतिनेति,—બૃહદારણ્ય[1]—

પ્રતિ૦ **अथात**=આથી (જે સત્યનું સત્ય બાકી રહે છે તેનાથી જુદું) **नेति**=આ નહિ. **नेति**=આ નહિ (એવું) **आदेश**=કથન કરે છે.

એજ પ્રમાણે **અતદ્વ્યાવૃત્તિ લક્ષણ વડે** કરીને અન્ય શાસ્ત્રો પણ આત્મજ્ઞાનને મનવાણીનો અવિષયજ સિદ્ધ કરે છે. અતદ્વ્યાવૃત્તિનું સ્વરૂપ સમજાવવા માટે રામાયણના એક પ્રસંગને અત્ર ઉતારવામાં આવે છે કે, કોઈ એક સમયે દંડકારણ્યમાં સમગ્ર ઋષિમંડળીસહ શ્રી રામચંદ્રજી સભા ભરીને એક બાજુપર ઋષિપત્નિઓ તથા સીતાજીસહ બેઠા છે. તે સમયે શ્રી રામચંદ્રનો વનવાસ યોગ્ય વેશ હોવાથી ઋષિપત્નિઓ રામચંદ્રને નિશ્ચયપણે જાણી શકતી નથી તેથી યુક્તિપૂર્વક સીતાજીને પૂછવા લાગી કે પહેલા જેમનું શરીર વૃદ્ધ સરીખું દેખાય છે તે રામચંદ્રજી કે ? સીતાજી અતદ્વ્યાવૃત્તિલક્ષણથી જવાબ આપવા લાગ્યાં કે ના. ત્યારે પુનઃ પૂછે છે કે. પહેલા નીચા ઘાટે કંઠમાં રૂદ્રાક્ષની માળા ધારણ કરીને બેઠા છે તે રામચંદ્રજી ? સીતાજી કહે છે ના. ત્યારે વળી પૂછે છે કે પેલા ગૌર વર્ણ છે તે શ્રીરામચંદ્રજી ? સીતાજી કહે છે ના, તે તો મારા દિયર થાય ત્યારે તેની બાજુમાં વિરાજમાન છે અને જેનું ઘનશ્યામ સ્વરૂપ છે તે શ્રી રામચંદ્રજી ? ? સીતાજી મૌન રહ્યાં ને સર્વ ઋષિપત્નિઓને શ્રી રામચંદ્રજીનું ઓળખાણ થયું આ દૃષ્ટાંત **અતદ્વ્યાવૃત્તિનું** છે.

તેજ પ્રમાણે **સિદ્ધાંતમાં શ્રુતિ માત્ર** આ નહિ એમ જે **કહે**

---

[1] અધ્યાય. (૨) બ્રાહ્મણ. (૩) મંત્ર. (૬)

છે તે અતદ્વ્યાવૃત્તિથી અન્નમયકોષ તે આત્મા નથી તેમ પ્રાણમય કોષ પણ આત્મા નથી ને મનોમય કોષ તે બ્રહ્મ નથી ને વિજ્ઞાન (બુદ્ધિ) મય કોષ પણ તત્વ નથી તેમજ આનંદમય કોષ પણ આત્મા નથી. પરંતુ તેથી જૂદો એ પાંચેથી ભિન્ન આત્મા છે. ને તેજ ભાષાનો કોઇ કવિ કહે છે કે—

પંચકોષપર ધામ હૈ પહોંચેગા કોઇ શૂર,
અનંત કોષ ભટકત ફિરે, તાકે મુખમે ધૂળ.

તેજ પ્રમાણે પૂર્વોક્ત અર્થને કેનોપનિષદના દ્વિતીયખંડના ત્રીજા મંત્રથી પુષ્ટિ મળે છે કે—

यस्या मतं तस्य मतं मतं यस्य न वेदसः
आविज्ञातं विजानतां विज्ञात मविजानताम्.

પ્રતિ૦ **यस्य**=જે બ્રહ્મવેત્તા પુરૂષને. (બ્રહ્મસ્વરૂપ) **अमतं**=(બુદ્ધિ આદિકથી) અજ્ઞાત છે. (એવો જેનો અભિપ્રાય છે) **तस्य**=તેને (બ્રહ્મ) **मतं**=જ્ઞાત છે. અને **यस्य**=જે પુરૂષને (આત્મા) **मतं**=(બુદ્ધિ આદિકથી જ્ઞાત છે.) **सः**=તે અજ્ઞાની પુરૂષ (જ્ઞાનને) **नवेद**=જાણતો નથી તે **विजानतां** સમ્યક્ જાણનારાને (અર્થાત્–બ્રહ્મ મન વાણીવડે જાણી શકાય છે તેવું માનનાર) **अविज्ञातं**=જણાતું નથી ને **अविजानताम्** નહિ જાણનારાને (આત્મા મન વાણીનો વિષય નથી એવું માનનાર) **विज्ञातं**=જણાય છે. અર્થાત્ તે અભેદને પામે છે એજ **અપરોક્ષ જ્ઞાન** છે. અને એજ **મહાશિવરાત્રિનું જાગરણ છે.** અસ્તુ—

ઉક્ત હેતુને લક્ષમાં રાખીનેજ **પુરાણમાં** શ્રીમહાશિવરાત્રિના જાગરણનો મહિમા લખવામાં આવ્યો છે. હવે તે જાણ્યા છતાં-સાંભળ્યા છતાં આપણે પ્રમાદી થઇ ઉંઘીએ છીએ તેથી તે નિદ્રામાંથી જગાડવા માટે જેમ [1]**મદાલસાએ** પોતાના પુત્રોને જન્મથીજ સ્વરૂપબોધ આપી અજ્ઞાન નિદ્રાથી જાગૃત્ કીધા હતા તેમ આપણને પણ જાગૃત થવા માટે **શ્રુતિ** ભગવતિ કહે છે કે—

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत.—કઠોપનિષદ*—

પ્રતિ. (અનાદ્યવિદ્યામાં નિદ્રા કરવાવાળા હે જંતુ) **उत्तिष्ठत** ઉઠો (અજ્ઞાનરૂપ નિદ્રામાંથી) **जाग्रत**—જાગો **वरान्**—શ્રેષ્ઠગુરૂઓને—**प्राप्य** પ્રાપ્ત થઇને **निबोधत**—(બ્રહ્મને) જાણો. અર્થાત્ **મહાશિવના દર્શન** કરો. અસ્તુ,

ઉપર કથન કર્યાં પ્રમાણે (બ્રહ્મ) શ્રીમહાશિવના દર્શનનું સ્વરૂપ **શ્રીસદ્ગુરુ** કૃપાથી અમારી બુદ્ધિમાં નિશ્ચયરૂપે સમજવામાં આવ્યું છે તેજ વિચાર બહાર મૂક્યો છે. તેમાં પરમાત્મ કૃપાથી કોઇ [2]મહાશયના અંતઃકરણમાં ભૂલ જેવું જણાય તો નીચેના શીરનામે

---

૧ મદાલસા વ્યક્તિ હોવાથી કેવળ પોતાના પુત્રને જગાડે છે. અને **શ્રુતિભગવતી** સર્વ જગતની માતા હોવાથી સમગ્ર પ્રાણીને જાગૃત કરે છે.—

૨. नागुणी गुणिनंवेत्ति गुणी गुणिषुमत्सरी गुणीच गुणरागीच विरलः सरलोजनः

* અધ્યાય (૧) વલ્લી (૩) મંત્ર. ૧૪.

જણાવવા કૃપા કરશે તો મોટો ઉપકાર થશે. એજ અભ્યર્થના. ૐ ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શ્રી મહાકાળેશ્વરમહાદેવ
પનિયારી દરવાજા બહાર
મુ. ખંભાત.

લી. હું છું
તમારો સવર્ગીય શોધક.

॥ ૐ ॥

सूचना.

મારા પરમસ્નેહી મિત્રનો (તેમની અન ઇચ્છાને લઇને નામ આપી શકતો નથી.) લેખ પૂર્ણ થતાં જગા વધી પડી અને નિરર્થક કોરાં પાનાં વધી પડવાથી અનાયાસે પરમાત્મ કૃપાથી મારી મતિમાં સ્ફુરેલું પદ્ય લખવાનો ઉત્તમ પ્રસંગ પ્રાપ્ત થતાં તેજ વિષયને પુષ્ટી કરતા એક પદ્ય લખી વિષયની સમાપ્તિ કરી છે તો સજ્જનવૃંદો પોતાની ઉત્તમ બુદ્ધિથી સાર ગ્રહણ કરતાં સ્વરૂપાનુભવને પામો એવા સત્યસંકલ્પ પૂર્વક વિરમું છું.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

લીઃ યતિમુકુન્દાશ્રમ.

સ્વરુપભાવના.

(ચોપાયા છંદની ચાલ).

આનંદાબ્ધિ ઉરમાં ઉલટયો અંતર થયું અજવાળું;
ગુરૂકૃપાથી આજે સઘળું, બ્રહ્મ રૂપ હું ભાળું. ૧
વ્યાપક પોતે હુંજ વસ્યોછું, અન્ય કશુ ના બીજું;
રૂપ નિહાળી મારૂં નયને, હૃદયવિષે બહુ રીઝું. ૨
અજર અમરને અક્ષર હું છું, ઈશ્વિર પ્રત્યક્ આત્મા;
પરમ શિવ પરમાનંદ પોતે, પુરણ બ્રહ્મ પરમાત્મા. ૩
ગમ્બગ હુંતો જ્ઞાન થકી છું, અનુભવ રસનો ભોગી;
સહુકો કીર્તિ મારી કથે છે, પરમ શુદ્ધ હું યોગી. ૪
ઇંદ્રિયોના વિષય સુખથી, હું છું રહિત સદાએ;
મન વાણીને બુદ્ધિ મુજને, જાણે નહિ કદાએ. ૫
સર્વે ઐશ્વર્યોથી સંપન્ન, રાગદ્વેષ નવ રાખું;
ઈક્ષણુ વિષય મતીના, [1]ઇપ્સિત પુરૂષાર્થે રસ ચાખું. ૬
ઉપનિષદ [2]આરામ વિષે હું, વિહાર છું કરનારો;
શોકસાગરે વડવા નળ થઈ, હું છું શોષણ હારો. ૭
દશે દિશામાં વ્યાપી રહી છે, દિવ્ય વિભૂતી ભારી;
[3]ઉહાપોહ [4]ઉરરી કરવાથી, થાય પ્રતિતી મારી. ૮
સર્વ પ્રાણીનો સમુહ હું છું, ભૂત ભવિષ્યનો દ્રષ્ટા;
વૃદ્ધિ તૃપ્તિ તૃપ્તિદીપ હું, સઘળી સૃષ્ટિ સૃષ્ટા. ૯

---

૧ ઇચ્છિત. ૨ બગીચો. ૩ તર્ક ને પ્રતિતર્ક. ૪ વિચાર.

કામીને નિષ્કામી સરવે, મારૂં યજન કરે છે;
વસ્તુ ગતનો ભેદ જરાએ, ઉર મારે ના રે'છે. ૧૦
શુદ્ધ હૃદયમાં આત્મ એક હું, આપું છું અજવાળું;
તિમિર અવિદ્યા મધ્ય નિશાનું, તરણી રૂપે ખાળું. ૧૧
ઔષધીઓનું ઓજસ હું છું, ઓત પ્રોત સંસારે;
મસ્ત મધુકર હુંજ થયો છું, પ્રણવ કમળના સારે. ૧૨
પાપ પુંજને દહન કરૂં છું, નહિ પ્રપંચ ઉપાધી;
અતિ ઉદાર મનોગત ચારે, [1]પુરૂષાર્થો લઉં સાધી. ૧૩
મત્તમહત્ [2]વારણ પુરૂષોનું, અંકુશ મુજને ધારો;
નભ સરખો હું સદાય નિર્મળ કદી ન કામ વિકારો. ૧૪
સ્વરૂપ નિશ્ચય સદ્ગુણ ભારી, અસ્થિર સુખના એકે;
સુખ સ્વરૂપની જ્ઞાન સંપત્તિ ભાસું પૂર્ણ વિવેકે. ૨૫
કરૂણાસાગર સૌભુવનાગર મલીન અહંના મારે,
પુન્ય પાપનો મારા મધ્યે, અંશ ન એક લગારે. ૧૬
ઇંદ્રિયોથી સદા અગોચર, ભૂતાતીત કહાવું;
નભકુસુમ સમભવમાં વ્યાપો, ખલજન નજરે નાવું. ૧૭
અધિષ્ઠાન હું અખિલ વિશ્વનું દ્વૈત કશુ ના દીશે;
ભૂત પ્રપંચોત્પાદક શક્તિ, વ્યાપક હું તે વીષે. ૧૮
મોહ તિમિરનો ધ્વંસ કરીને, પ્રસરે રશ્મિમારાં;
ઘટિકા રજની વાસર આદિ, સ્વરૂપ શોભે સારાં. ૧૯
ચરદચરાત્મક પેખી ચતુરો, શ્લાઘા કરતા મારી;
ભવ પારાંગત બ્રહ્મ દેશમાં, શકે નહીં ખલધારી. ૨૦

---

૧ ધર્મ. અર્થ. કામ. મોક્ષ. ૨ હાથી.

વેદ સિંધુના ગૂઢ જ્ઞાનમાં, વસું સુખ પામીને;
છલવાણી કદીએ ના જાણે, શાન્તિના સ્વામીને. ૨૧
બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર સ્વરૂપે, કરતા ધરતા હરતા;
જન્મ જરા મૃત્યુથી રહિત છું, નિરામયનો ભરતા. ૨૨
ઝાંઝ વીરભૂષણુ હાથીનાં, ધ્વની રૂપને ધારૂં;
આત્મદીપથી હૃદય પ્રકાશે, સ્વરૂપ તે છે મારૂં. ૨૩
જ્ઞાન તણા સાધન હું સરવે, જ્ઞાન જ્ઞેયને જ્ઞાતા;
સર્વાતીત કહાવું તદપિ, ધ્યાન ધ્યેયને ધ્યાતા. ૨૪
ચોવિશ તત્વો રહિત સદાહું, નિશ્ચય એવો ધારૂં;
તત્પદ ત્વંપદના શોધનમાં, સ્વરૂપ વસે છે મારૂં. ૧૫
પશુ પક્ષી પ્રાણીને પર્વત, દેવદૈત્યનો આદી;
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણુ સરવે મારી પ્રસાદી. ૨૬
ધર્મ અધર્મ રૂપ છે મારાં, પણ મુજને નવ બાંધે;
ધર્માત્માજન અનાયાસથી, સ્વરૂપ વૃત્તિ સાંધે. ૨૭
નર્ક સ્વર્ગ અપવર્ગ રહિતછું, નામરૂપ નહીં મારાં;
સારભૂત આવેદ વચન છે, સંકષ્ટો હરનારાં. ૨૮
જીવ ઈશ્વરનો ભેદ નિવારી, જ્ઞાન ઐકયતા આપું;
પ્રકૃતિ વિકૃતિ પરિણામ નહીં, ભાગ્યોદયને સ્થાપું. ૨૯
પ્રણુધર ભૂધર વારણ વિગ્રહ, સર્વ પ્રપંચ ધરૂં છું;
જ્ઞાનાક્ષિના પ્રખર પાવકે, [1]મારદહિ વિચરૂં છું. ૩૦
ઘૃણા લજ્જા ભય શંકા જુગુપ્સા, કુળશિળ જાતિ ન પાશો;
વૃત્તિ જ્ઞાનનો વિષય નહિ હું, બોધ ન આપું ખાસો. ૩૧

---

૧ કામને બાળી.

ભક્તિ ભજન ને મુક્તિ હું છું, જુક્તિ યુક્તિ પોતે;
ભૂતોનો અનુશાસનકર્તા, જગત પ્રકાશું જોતે. ૩૨
મહત્ત પુરૂષને માન્ય ખરે હું, મંદમતી ના માને;
રાગ માન મોહે ફુટાએ, આપતણા અજ્ઞાને. ૩૩
યાજક ને યજમાન યજન હું, યજ્ઞ રૂપને ધારૂં;
ઇન્દ્રવરૂણ યમ વાયુરૂદ્ર યજ્ઞ રૂપ છે મારૂં. ૩૪
રક્ષાવિધાન શિક્ષાવીક્ષિત, મહિમા મુજ લીલાનો;
રજની દિવસ અનુભવ આપું, અંતર સ્ફુરણ કલાનો. ૩૫
લાક્ષણીક લક્ષણથી લક્ષે, લય વિક્ષેપ નિવારી;
લબ્ધમધ્યે જે અલભ્ય ભાસે, તેજ પ્રતિમા મારી. ૩૬
વર્ણાશ્રમ ને વર્ણરહિત હું, વરેણ્ય સર્વે માંહી;
વાચાગોચર વચ્ય સામર્થે, પદ છે રાજું ત્યાંહી. ૩૭
શમ દમ સાધનરહિત ચિત્તમાં, શાસ્ત્ર ભણેથી નાવું;
શરણ વિદુષનું સદૈવ હું છું, સંશય સઘળા ચાવું. ૩૮
ષડ ગુણ ને ષડ ભાવ ન મારે, ષડકોષોની પારે;
ષડત્રિંશતત્વ થકી હું ન્યારો, હિતાહિતની બારે. ૩૯
સંકલ્પોનું કલ્પતરૂ હું, સંવિન સુખ સમાધી;
બ્રહ્મ વિદ્યામાં કુશળ પૂરો, ભવની નહિ ઉપાધી. ૪૦
હવ્ય કવ્ય તે હુંજ કહાવું, પિતૃ ને વળી દેવા;
હરિહર વિધિનું કારણ હું છું, કશું ન લેવા દેવા. ૪૧
ક્ષાલિત કલુષો સ્વરૂપ મારૂં, હૃદય કલેશ ના હોવે;
અઆદિક્ષ અંતસૂધીના, અક્ષર હુંથી હોવે. ૪૨
સીકર ફેન તરંગો બુદબુદ, સર્વે સિંધુપાણી;

વિશેષ કેવાથી શું વધુ છે સર્વત્ર લ્યો જાણી. ૪૩
શરણુ નહિ મમ સુતા સોદરા નહિ પિતાને માતા;
સદગુરૂ ઉભય ચરણુ મુર્દ્ધિ, સદાય રાજે ત્રાતા. ૪૪
અમિત અમૃત કરૂણા દ્રષ્ટી ગુરૂની શીર ભરી છે,
અલૌકીક આજ્ઞાનશ્રી આવી મારી સાથ વરી છે. ૪૫
હિમેંકર કર સર સાન્દ્રા કાંક્ષિત અતિવરદાનો આપે,
શ્રીગુરૂ ચરણુ કટાક્ષ શિશિર તે ચિત્ત સંતાપો કાપે. ૪૬
હૃદય ગુહામાં ચિન્મય મણીધર, વૃત્તિ મંડુક ગળી રાજે;
ગુરૂ ચરણુની પ્રેમ પ્રસાદી પૂરણુ પામ્યો આજે. ૪૭
મમ માયા ઉપાધી માંહે, ઉપજે છે બ્રહ્માંડો,
લય પાછાં તેમાં પામે છે જેમ માટીમાં ભાંડો. ૪૮
ગુરૂ કૃપાનું નાવ મળ્યું છે પુન્ય પવન છે સારો,
સ્તુંગ તરંગ દુઃખદ સાગરથી ઉતર્યો બેડો મારો. ૪૯
મોહ ભરેલા માયિક જગને, જોતો તો અંધારે;
જ્ઞાન અર્કમાં કયાં ખોવાયું આછે ચરજ ભારે. ૫૦
સર્વ દેવ મારામાં દીસે હવે નમું હું કેને ??
આત્મ સ્વરૂપ વ્યાપક છે, મારૂં નમન કરૂં હું તેને. ૫૧
બોધા મૃતનો લાભ અનુપમ મોદ વધે છે ભારી;
સુણતાં કૈવલ્ય પદને પામે, કાળ ગતી નિવારી. ૫૨
ભવ નિધી તરવાની હોડી, તમ નિવારક ભાનું,
સ્વરૂપ ગૃહની છુપી ચાવી આને હું પીછાણું. ૫૩
દ્વૈત અંધાપો દૂર કરીને અદ્વૈત અક્ષિ આપે,
મુકુંદ મળવા માટે ગાયું, **ગોવિંદ** ગુરૂ પ્રતાપે. ૫૪